સાબરકાંઠા ભારતીય જનતા પાર્ટીની જિલ્લા બૃહદ કારોબારી વક્તાપુર ખાતે મળી

લોકસભાની ચૂંટણીમાં ભગવો લહેરાવવા કામે લાગી જાઓ : આર.સી. ફળદુ

આગામી લોકસભામાં કોંગ્રેસનો સફાયો થવાનું નક્કી છે : પ્રદિપસિંહ જાડેજા

હિંમતનગર, તા. ૧૦

લોકસભાની ચૂંટણીઓ નજીકના સમયમાં આવી રહી છે. ત્યારે ભાજપ-કોંગ્રેસ બન્ને પાર્ટીઓ સંગઠનને મજબૂત બનાવી કાર્યકરોમાં જોમ પુરવા માટેની કવાયત હાથ ધરી છે. સાબરકાંઠા ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે શનિવારે જિલ્લાના મુખ્યમથક હિંમતનગરના વક્તાપુર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુના અધ્યક્ષસ્થાને બૃહદ કારોબારી બેઠકનું આયોજન કર્યું હતું.

જેમાં મોટી સંખ્યામાં ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ગત વિધાનસભાની ચૂંટણીઓમાં સાબરકાંઠા જિલ્લામાં ભાજપને મોટુ નુકશાન થવા પામ્યું હતું. જિલ્લાની સાત વિધાનસભા બેઠકોમાંથી માત્ર એક જ બેઠક ભાજપને મળી હતી. વિધાનસભાની ચૂંટણીઓ બાદ સંગઠનમાં પણ મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ પદનો તાજ પુથ્વીરાજભાઈ પટેલના શીરે મુકાયા બાદ પ્રથમ વખત જિલ્લા ભાજપ કારોબારીની બેઠક વક્તાપુર ખાતે મળી હતી.

કારોબારી બેઠકમાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધતાં પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે સામર્થ્ય અને સબળ નેતૃત્વવાળા સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભાની ૬ બેઠકો ગુમાવ્યાનો ખેદ વ્યક્ત કર્યો હતો. અને કાર્યકરોને હાંકલ કરી હતી કે ગઈ ગુજરી ને ભુલી આગામી લોકસભાની ચૂંટણીમાં ભગવો લહેરાવવા કામે લાગી જાઓ.

રાજયના કાયદામંત્રી અને પ્રભારી પ્રદિપસિંહ જાડેજાએ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો કરીને કેશરીયો ધ્વજ લહેરાવવા કાર્યકરો કટીબદ્ધ થાય. જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યુંહતું કે આપણા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે રાજ્યની તમામ બેઠકો ઉપર ભાજપને વિજય અપાવવો પડશે.

વક્તાપુર ખાતે મળેલ ભાજપ જિલ્લા બૃહદ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ ઉપાધ્યક્ષ રમીલાબેન બારા, કાયદામંત્રી સા.કા.ના પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજા, માર્ગદર્શક અશોકભાઈ ભાવસાર, સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, પુર્વ મંત્રી પ્રફુલભાઈ પટેલ, જયસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ.

નવીન ગોઝારીયા તાલુકામાં ગામડા સમાવવા બાબતે ગોઝારીયા સ્વયંભૂ બંધ

મહેસાણા, તા. ૧૦

મહેસાણા તાલુકામાં સમાવિષ્ટ મોટા ગામ ગોઝારીયાને અલગ તાલુકો બનાવવાની અગાઉ થયેલ જાહેરાતના સંદર્ભે પાછળથી આ સૂચિત નવિન તાલુકામાં ગામડાઓના સમાવેશ બાબતે વિરોધ વંટોળ ઉભો થતાં સરકારે અલગ તાલુકાની માંગણી પર ઠંડુ પાણી રેડી દેતાં તાલુકાની માંગણીને લઈને શુક્રવારે ગોઝારીયામાં સ્વયંભુ સજ્જડ બંધ પળાયો હતો. બંધ દરમિયાન રોષે ભરાયેલા ટોળાએ હાઈવે સહિતના રસ્તાઓ પર ચક્કાજામ સર્જી દીધો હતો. તેમજ રસ્તાઓ પર જૂના ટાયરોની આડશો મુકીને તેમજ ટાયરો સળગાવતા મામલો ગરમાયો હતો. એક તબક્કે ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતાં તંગદીલીભર્યું વાતાવરણ સર્જાયુ હતુ. બંધના એલાનને પગલે જિલ્લા પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો. જેથી હાઈવે પર વાહનો અટકાવતાં તેમજ ટાયરો સળગાવતા ટોળા પર હળવો લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. આમ સવારથી સાંજ સુધી આંદોલનકારી પ્રજા અને પોલીસ વચ્ચે સંઘર્ષ ચાલુ રહ્યો હતો. દરમિયાન પોલીસે ગ્રામજનો પર કરેલ લાઠીચાર્જના વિરોધમાં રવિવારે પ્રતિક ઉપવાસ કરીને જવાબદાર પોલીસ અધિકારીઓ અને કાયદાકીય પગલા ભરવાની માંગણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. બીજુ મહેસાણા તાલુકાનું વિભાજન કરીને ગોઝારીયાને અલગ તાલુકો બનાવવા અંગે હજી સુધી કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે નવિન ગોઝારીયા તાલુકો બનાવવા અંગે લાંગણજ, આંબલીયાસણ, સહિતના મોટાભાગના ગામોને ગોઝારીયામાં સમાવેશ કરવા સામે સન્ન વિરોધ નોંધાયો હતો. જેમાં કારણે ગોઝારીયાને તાલુકો બનાવવાનું ઘોંચમાં પડ્યું હોવાનું કહેવાય છે.

ભિલોડા તાલુકાના મુનાઈ ગામનો નવયુવાન ગુમ

ભિલોડા,તા.૧૦

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના મુનાઈ ગામનો નવયુવાન ગુમ થઈ જતાં પરીવારજનો અને ભિલોડા પોલીસ ધ્વારા શોધખોળનો ચક્રો ગતીમાન કરાયા છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ મુનાઈ ગામના રામાભાઈ પુનાભાઈ વણકર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ નોંધાવતા ગુમ થનાર નરેશભાઈ નાથાભાઈ વણકર આશરે ઉંમર વર્ષ-૨૫, રહેવાસી-મુનાઈ, તા.ભિલોડા તા.૬/૮/૨૦૧૩ ના રોજ સવારે ૮:૦૦ વાગ્યાના સુમારે ઘરે મજુરીકામ કરવા જાઉં છું તેમ કહી તેમ કહી ઘરેથી નીકળી ગયેલ છે પરંતુ આજ દિન સુધી આ નવયુવાનનો કોઈ જ પત્તો મળેલ નથી.યુવક શરીરનો મધ્યમ બાંધાનો, રંગે ઘઉંવર્ણો છે.

અડધી બાંયનું સફેદ ટી-શર્ટ, કાળા રંગનું પેન્ટ પહેરેલ છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ મળેલ છે જેના આધારે પોલીસે શોધખોળના ચક્રો ગતીમાન કરેલ છે.

ભિલોડા બી.એડ્. કોલેજમાં શિવોત્સવ એક મંગલકારી પર્વની ઉજવણી યોજાઈ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્. કોલેજમાં તા.૮/૮/૧૩ ના રોજ શિવોત્સવ એક મંગલકારી પર્વની ઉજવણી યોજાઈ. આ કાર્યક્રમનો હેતુ તાલિમાર્થીઓ ભારતીય સંસ્કૃતીમાં રહેલી આધ્યાત્મિકતાને ઓળખે તેમજ શિવ પરમ તત્વને પારખે તે હતો. તાલિમાર્થીઓએ શિવ મહિમ્ન સ્તોત,નર્મદાષ્ટક જેવા શિવ આધારીત કૃતિઓની ભવ્ય રજુઆત કરી શિવોમય વાતાવરણ બનાવ્યું હતું. સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન બારોટ હાજર રહી સંસ્કૃતીના સંરક્ષણ,સંવર્ધન તરફ દ્રષ્ટીપાત કરાવેલ. આચાર્ય અમિતકુમાર ભટ્ટ શિવનું દેવોમાં સ્થાન તેમજ તેમના ઔચિત્ય સાથે પ્રસંગોચીત ઉદ્‌બોધન કર્યું હતું.

ભિલોડામાં રાજ્યકક્ષાની ફુટબોલની ટુર્નામેન્ટનો પ્રારંભ

ભિલોડા, તા.૧૦

ભિલોડામાં ગુજરાત રાજ્યકક્ષાની ફુટબોલ ટુર્નામેન્ટનો ત્રિ-દિવસીય કાર્યક્રમનો શુભારંભ યોજાયો. જેમાં ૭૨ ટીમો ભાગ લેશે. યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃતીઓ ગાંધીનગર પ્રેરીત જીલ્લા રમત-ગમત કચેરી સાબરકાંઠા આયોજીત રાજ્યકક્ષા અંડર-૧૪ ભાઈઓ, અંડર-૧૪ બહેનો અને અંડર-૧૭ સુબ્રતો બહેનોની સ્પર્ધા તા.૯/૮/૨૦૧૩ થી તા.૧૧/૮/૧૩ દરમ્યાન ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ.વિદ્યાલય, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ અને આર. જે. તન્ના પ્રેરણા મંદીર, ભિલોડાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યકક્ષાની ફુટબોલ ટુર્નામેન્ટ ચાલી રહી છે. જેમાં અંડર-૧૪ ભાઈઓની ૨૯ ટીમો,અંડર-૧૪ બહેનોની ૨૧ ટીમો અને અંડર-૧૭ સુબ્રતો બહેનોની ૨૨ ટીમોએ ભાગ લીધો છે. આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા રમત-ગમત કચેરી અધિકારી ડા.અશોકભાઈ રાવલ, પો.કો.ઓ. રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્યકક્ષાની ફુટબોલ ટુર્નામેન્ટને સફળ બનાવવા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલય મંડળના મંત્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા, કમલેશભાઈ મહેતા, પરેશભાઈ ત્રિવેદી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહીત કર્યા હતા. ગુજરાત રાજ્ય કક્ષાની ફુટબોલ ટુર્નામેન્ટને સફળ બનાવવા સતત ૧૦ દિવસથી એન.આર.એ.વિદ્યાલયના પી.ટી.ટીચર, મુકેશભાઈ ત્રિવેદી તેમજ તેમની ટીમ ધ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

રણુજાના યાત્રિકો માટે ડીસામાં જય અલખ ધણી કેમ્પનો શુભારંભ

ડીસા, તા. ૧૦

રાજસ્થાનમાં આવેલા રણુજા ખાતે ભાદરવા મહિનામાં બાબા રામદેવજી મહારાજના દર્શનનું અનેરું મહાત્મ્ય છે. ભાદરવા સુદ બીજના દિવસે પોખરણ ગઢના ઠાકોર અજમલજીને ત્યાં ભગવાન દ્વારકાધીશે રામદેવજી સ્વરૂપે સ્વયં અવતાર લંઈ કંકુ પગલા પાડયા હતા. આમ રામદેવજી મહારાજની કિર્તી રાજસ્થાનથી વટાવી દેશમાં વિસ્તરતી હતી ત્યારે દર વર્ષે ડીસામાં થઈને પસાર થતા રણુજાના યાત્રાળુઓ માટે શહેરના સેવાભાવી ભાઈઓ દ્વારા સેવા કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ડીસામાં રેલવે સ્ટેશન રોડ પર જીઈબી કચેરી સામે છેલ્લા ત્રણ વર્ષથી જય અલખ ધણી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આરામની વ્યવસ્થા સાથે ચા નાસ્તો જેમાં ચા સાથે ખમણ, જલેબી, ગાંઠીયા અને ગોટા સહિત નાસ્તો, મેડીકલ સેવા, આરામની વ્યવસ્થા સાથે યાત્રાળુઓની ખડે પગે સેવા કરવામાં આવે છે જે એક મહિના સુધી ચાલે છે. આ વર્ષે પણ સેવા કેમ્પ ચાલુ કરાયો છે. જેમાં ભગવાનભાઈ દેસાઈ, ભરતભાઈ રાવળ, કિર્તીભાઈ પટેલ સહિત આજુબાજુના સેવાભાવી ભકતો દ્વારા સેવા અપાઈ રહી છે.

પ્રાંતિજના ગલતેશ્વર ગામે લીઝ રાખનાર એક ભાગીદાર સાથે ઠગાઈ

પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ગામ પાસે આવેલ સાબરમતી નદીમાં સર્વે નંબર ૨૮૫ બ્લોક નંબર ૩ ની ૨૫૦ ચોરસમીટર લીઝમાં ભાગીદાર બનાવનાર એક ભાગીદાર સાથે ઠગાઈ થતા તેના આપેલ રૂપિયા તથા તેનો હિસ્સો વ્યાજ પણ ન મળતા પોલીસનો સહારો લેવો પડયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિક્રમભાઈ કુરસિંહની ફરિયાદના આધારે કે જેવોએ લીઝની કુલ ૨કમ ૧ કરોડ ૨૧ લાખ ૭૨ હજાર ૫૦૦ થતા હતા અને તેવોએ લીઝમાં ભાગીદાર થવા માટે પોતે ૧૦ લાખના ત્રણ હમા એટલે કે રૂપિયા ૩૦ લાખ આપીને લીઝમાં ૨૩-૮-૨૦૧૨ થી ૩૦-૬-૨૦૧૩ સુધી ભાગીદાર તરીકે હતા અને રેતીનું વેચાણ અંદાજીત રૂપિયા દોઢ કરોડનું કરી તેમાં બીજા બે ભાગીદારો દ્વારા હિસ્સો ના આપતા વિક્રમભાઈએ બીજા બે લીઝ ભાગીદારો સામે પોલિસ ફરિયાદ કરી છે. જેમાં પ્રાંતિજ પોલીસે આરોપી મગનભાઈ ઉકાણી તથા આરોપી નવીનભાઈ ઉકાણી સામે ગુનો નોંધી પ્રાંતિજ પી.આઈ. ઈ.એમ.ડી. જાડેજાએ તપાસ હાથ ધરી છે.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૫૫૦	૮૦૮
એરંડા	૬૮૫	૬૯૭
ઘઉં	૩૦૫	૩૪૮
બાજરી	૨૩૦	૩૦૦
ગવાર	૯૫૦	૧૦૫૦

સલાલ

એરંડા	૬૬૦	૬૭૫
મગફળી	૭૦૦	૮૫૦
ઘઉં	૩૦૦	૩૩૦
બાજરી	૨૦૦	૨૬૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૦
ડાંગર ગુજ	૩૩૦	૩૬૦

પ્રાંતિજ

એરંડા	૬૬૦	૬૮૦
ઘઉં	૩૦૦	૩૨૫
બાજરી	૨૦૦	૨૭૦
ડાંગર ગુજ	૩૩૦	૩૬૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૧

ધનસુરા

એરંડા	૬૭૫	૬૯૦
મકાઈ	૨૮૦	૩૦૫
ઘઉં	૩૦૫	૩૨૫
બાજરી	૨૩૦	૨૮૦
ગવાર	૮૦૦	૧૦૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૦૨	૩૧૫
ઘઉં ૪૯૬	૩૧૫	૩૪૦
મકાઈ	૨૭૮	૨૮૫
એરંડા	૬૭૫	૬૮૫

દહેગામ

બાજરી	૨૬૦	૨૮૫
ઘઉં	૩૦૫	૩૨૦
ડાંગર	૨૮૦	૩૦૦
એરંડા	૬૯૮	૭૦૦
ગવાર	૭૫૦	૯૬૦
મકાઈ	૨૪૦	૨૮૦
તુવેર	૫૨૫	૬૦૦
જુવાર	૩૬૨	૩૭૮
રાયડો	૫૩૦	૫૭૫

રળિયાલ

બાજરી	૨૫૫	૨૮૦
ઘઉં	૩૦૦	૩૧૫
ડાંગર	૨૭૦	૨૯૦
એરંડા	૬૯૦	૬૯૫
ગવાર	૭૪૦	૯૮૫
મકાઈ	૨૩૦	૨૭૦
તુવેર	૫૨૦	૫૯૦
જુવાર	૩૫૦	૩૭૫
રાયડો	૫૨૫	૫૭૦

ઈડર

મકાઈ	૨૮૦	૩૦૦
એરંડા	૬૮૦	૭૦૫
બાજરી	૨૫૦	૨૮૫
મગફળી	૭૦૦	૮૦૧
ગવાર	૯૦૦	૧૦૦૧

કડી

ઘઉં	૨૯૫	૩૨૬
ડાંગર	૨૬૦	૩૩૦
બાજરી	૨૫૯	૨૬૦
ગવાર	૯૦૦	૧૦૬૯
એરંડા	૬૮૫	૬૯૩

સિદ્ધપુર

રાયડો	૫૫૦	૬૦૫
એરંડા	૬૯૦	૭૧૩
ગવાર	૯૫૧	૧૦૮૫
ઘઉં	૩૦૦	૩૩૦
બાજરી	૧૮૨	૨૭૯
જુવાર	૪૬૦	૫૦૦

વિસનગર

ઘઉં	૨૯૬	૩૫૨
બાજરી	૧૮૦	૨૯૦
રાયડો	૫૬૦	૬૧૫
એરંડા	૬૮૫	૭૦૪.૫૦
જુવાર	૨૫૦	૫૩૦
જવ	૨૭૦	-
ગવાર	૯૩૦	૧૦૪૨
રજકાના બી	૧૫૦૦	૨૬૧૧

મહેસાણા

ઘઉં	૨૯૧	૩૪૪
રાયડો	૫૭૪	૫૯૫
બાજરી	૨૪૫	૨૮૫
એરંડા	૬૮૩	૬૯૨

આંબલીયાસણ

ઘઉં	૩૧૦	૩૩૬
બાજરી	૨૩૫	૨૬૫
રાયડો	૫૮૨	-
એરંડા	૬૯૨	૬૯૫

જોટાણા

એરંડા	૬૮૪	૬૮૯
બાજરી	૧૬૯	૨૫૦

હારીજ

મેથી	૪૨૧	-
રાયડો	૫૩૧	૫૯૧
એરંડા	૬૭૫	૭૦૭
સાસટો	૨૭૮	-
ઘઉં	૨૯૦	૩૨૬
ગવાર	૮૦૦	૧૦૫૦
અડદ	૫૩૨	-
ચણા	૫૦૦	૫૩૫
જીરૂ	૨૨૮૦	૨૫૭૦
સવા	૬૦૦	૬૩૫
બંટી	૩૦૦	૩૩૦

બાયડ

એરંડા	૬૬૦	૬૮૫
ઘઉં	૨૯૫	૩૨૦
બાજરી	૨૪૦	૨૬૫
મકાઈ	૨૬૫	૨૮૫
ગવાર	૯૦૦	૧૦૦૦

પાટણ

જીરૂ	૨૦૦૦	-
વરીયાળી	૮૮૧	-
રાયડો	૫૬૦	૬૧૫
એરંડા	૬૬૦	૭૦૫
ગવાર	૮૬૧	૧૦૫૧
ઘઉં	૨૯૫	૩૬૨
જુવાર	૨૩૦	૩૫૦
બાજરી	૨૫૦	૨૮૮
બંટી	૩૭૩	૩૭૬

ઉંઝા

જીરૂ	૨૦૧૫	૨૬૧૫
વરીયાળી	૮૭૦	૧૭૨૫
ઈસબગુલ	૧૨૬૧	૧૩૦૦
સરસવ	૬૫૫	૬૮૧
રાયડો	૬૦૧	૬૪૧
તલ	૧૯૧૧	૨૨૫૦
સવા	૬૦૫	-

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૫૦	૨૨૦
બટાટા ડીસા	૧૮૦	૨૫૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૬૦૦	૭૦૦
ડુંગળી મહારાષ્ટ્ર	૭૫૦	૮૫૦
રીંગણ	૪૦૦	૬૦૦
રવૈયા	૪૦૦	૮૦૦
કોબીજ	૩૦૦	૫૪૦
ફુલાવર	૩૦૦	૪૪૦
ટામેટા પાકા	૩૦૦	૪૪૦
દૂધી	૨૪૦	૪૦૦
કાકડી	૨૦૦	૬૦૦
ગીલોડા	૪૦૦	૧૨૦૦
મરચાં દેશી	૩૦૦	૬૦૦
લીંબુ	૧૦૦	૩૬૦
આદુ	૧૦૦૦	૧૬૦૦
બીટ	૨૪૦	૩૨૦
ગાજર	૨૦૦	૨૬૦
મરચા ધોલાર	૧૨૦૦	૧૫૦૦
કોથમીર	૩૦૦	૬૦૦
કારેલા	૩૦૦	૬૦૦
ભીંડા	૩૦૦	૭૦૦
ગવાર	૪૦૦	૧૦૦૦
ચોળી	૪૦૦	૮૦૦
ગલકા	૩૦૦	૪૦૦
તુરીયા	૩૦૦	૬૦૦
પરવર	૧૦૦૦	૧૨૦૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601